વિશ્વાસમાં વિશ્વાસઘાત થવાના યોગ બને. આ સમયની પ્રાપ્તિમાં તમે પૂર્ણતાનો અનુભવ નહીં કરી શકો. અણધારી મુશ્કેલીઓ ઉભી થાય. કુટુંબમાં શુભ માંગલિક પ્રસંગો બને. સામાજિક ઘટના નકારાત્મક બને.

તા. ૨૬-૦૧-૨૦૧૭થી શનિ તમારા બારમા વ્યવસ્થાને આવશે. અહીં તમારે સાડાસાતીનો પ્રથમ તબક્કો માથા પરથી ચાંદીના પાયે ચાલશે. આર્થિક લાભ મળવા છતાં આંતરિક શારીરિક તકલીફો રહે. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. કૌટુંબિક અપમાનથી સંભાળવું. તમારું બુદ્ધિપૂર્વકનું આયોજન નકારાત્મક સાબિત થાય. અહીં તમે ત્યાગના સંદર્ભમાં ગુમાવવા જેવું મેળવશો. અહીં વસંતમાં પાનખરનો અનુભવ કરશો. તમારી આર્થિક-પારિવારિક જવાબદારીમાં વધારો થાય. કાનૂન સંબંધી કાર્યમાં સંભાળવું. વાસ્તવિક જીવનમાં વિષાદ અને નિરાશાનો અનુભવ કરશો. તમે બીજાઓ પર વશ્વાસ રાખવામાં નિષ્ફળ જશો.

તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો અગિયારમા લાભ ભાવે આવશે. જે અહીં શુભ ફળ અપાવશે. પરંતુ તમે તે લાભને જોઈ નહીં શકો. આર્થિક-ભૌતિક સુખ સમૃદ્ધિમાં વધારો થાય. ભાવુકતાની દષ્ટિએ તમે ખંડિત થશો. કુટુંબના સભ્યોને તમારી વર્તણૂંક રહસ્યમય લાગશે. તમારી સાહસ કરવાની લાલસા તીવ્ર બનતી જણાય. માનસિક દષ્ટિએ અણગમતા બનાવો બને. પુરુષાર્થનું શુભ ફળ તમે ન મેળવી શકો. અશાંતિ અને અજંપો દૂર કરવાના નિરર્થક પ્રયત્નો કરશો. અણધારી ચિંતા પરેશાનીમાં વધારો કરે. અહીં તમને વાસ્તવિક જીવનની કઠોરતાના દર્શન થશે. નાણાં સંબંધી ઉથલ પાથલ થાય. અણગમતા બનાવો તમને માનસિક પરેશાની આપે.

વર્ષારંભે રાહુ તમારા આઠમાસ્થાને રહે છે. જે શારીરિક નાની મોટી અનેક તકલીફો રાખે. ધંધાકીય વ્યવહાર આંટીઘૂંટી વાળો નિવડે. તમારા વ્યકિતત્વ બાબતની સામાન્ય પ્રકારની નિષ્ફળતા તમારા આરોગ્યને બગાડે. પડવા વાગવા અકસ્માત કે શસ્ત્રક્રિયા સંબંધી તકલીફો રહે. ઉતાવળીયો કોઈ નિર્ણય લેતાં ધ્યાન રાખવું. વડિલ વર્ગની તબિયતની કાળજી રાખવી. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો કોઈ ઘાતક બિમારી પણ આવી શકે. પરિવારિક નુકસાનના યોગ બને. તમારી કાર્યશીલતામાં ઘટાડો થાય. અણધરી ઉપાધિઓ વધે. વ્યવસાયિક વ્યવહારમાં સાવચેતી રાખવી.

વર્ષારંભે કેતુ તમારા બીજા ધનસ્થાને રહે છે. કૌટુંબિક ધનસંપત્તિના પ્રશ્ને વિઘ્નો રૂકાવટો આવે. પારિવારિક અશાંતિ વધુ રહે. અંગત રીતે તમારી નાણાં સંબંધી જવાબદારીમાં વધારો થાય. તમારી વિચાર સરણી અને પરિવારના સભ્યો સાથેની વિચારસરણીમાં અલગતા રહે. ગેરકાનૂની કાર્યોમાં સપડાઈ ન જવાય તેની કાળજી રાખવી. કુટુંબના સભ્યો સાથે મનદુ:ખના પ્રસંગો બને.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા સાતમા સ્થાને આવશે. જે આંતરિક-શારીરિક તકલીફો વધુ રહે. આંતરિક દાંમ્પત્યજીવન સંબંધી તકલીફો રહે. કોર્ટ કચેરી સંબંધી કાર્યોમાં અપયશ મળે. આંતરિક વિખવાદના યોગ બને. ભાગીદારીના વ્યવસાયિકોએ સંભાળવું. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો ભાગીદારી છૂટવાના યોગ બને. સાંસારિક ઉપાધિમાં વધારો થાય. અહીં તમે ઈચ્છા અનિચ્છાએ ત્યાગશો. સામાજિક કાર્યો કરનારને ખોટા આક્ષેપો સહન કરવા પડે. જવાબદારીમાં વધારો થાય. આંતરિક વિખવાદો વધુ રહે. લોભની માયામાં ફસાશો તો દુર્ભાગ્યનું નિર્માણ કરશો. આરોગ્ય અંગેની કાળજી રાખવી.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી કેતુ તમારી રાશિમાં આવશે. જે આંતરિક શારીરિક તકલીફો વધુ રાખે, મસ્તકપીડા કે મગજ પર ખોટી ગરમીની અસરો વધુ રહે. તમારી કાર્યપદ્ધતિ કુટુંબના સભ્યોને માફક નહીં આવે. ત્યાગવૃત્તિની ભાવના તીવ્ર બનતી જણાય. કોઈ પણ પ્રકારની બેદરકારી તમારી તંદુરસ્તી બગાડે. પરિવારના સભ્યો તેમજ અંગત વ્યકિત દ્વારા મનદુ:ખના પ્રસંગો બને આરોગ્ય બાબતે સંભાળવું.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. કૌટુંબિક મતભેદો રહે. વડિલવર્ગની તબિયતની કાળજી રાખવી. વડિલોપાર્જીત સંપત્તિ મળવામાં વિલંબ થાય. નવીન ભાગીદારી જેવા કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. શારીરિક તકલીફો વધુ રહે. ગુપ્ત દર્દ સંબંધી તકલીફોથી સંભાળવું. દાંમ્પત્યજીવનમાં ખટરાગ રહ્યા કરે. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. સાહસિક કાર્યોથી સંભાળવું. પિત્ત વાયુ પ્રકૃતિના રોગથી સંભાળવું. અનેક પ્રયત્નો છતાં ધારી સફળતા ન મેળવી શકો.

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. મહેનત પરીશ્રમનું ફળ સારું મળે. સમયનો સદુપયોગ કરશો તો ફળ મેળવશો. આરોગ્ય બાબતની અસ્વસ્થતા રહે. કૌટુંબિક મતભેદોની અસર તમારા અભ્યાસ પર પડે. મિત્રવર્ગની મદદ લાભદાયી નિવડે. અડગ આત્મવિશ્વાસથી આગળ વધશો તો ડિગ્રી પ્રાપ્તિમાં તકલીફ નહીં પડે.

# સંવત ૨૦૭૩નું રાશિવાર ભવિષ્ય

## (૧૧) કુંભ રાશિ : (ગ.શ.સ.ષ.)




વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા આઠમા સ્થાને રહેતાં તા. ૧૨-૦૯-૧૭થી તમારા નવમા ભાગ્યભાવે આવશે. શનિ વર્ષારંભે તમારા કર્મસ્થાને રહેતાં તા. ૨૬-૦૧-૨૦૧૭થી તમારા અગિયારમાં લાભ ભાવે આવશે. વળી તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારા દસમા કર્મસ્થાને આવશે. વર્ષારંભે રાહુ તમારા સાતમા સ્થાને અને કેતુ તમારી રાશિમાં રહેતાં તા. ૧૭-૦૮-૧૭થી રાહુ તમારા છઠ્ઠા સ્થાને અને કેતુ તમારા બારમા વ્યયસ્થાને આવે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા આઠમા સ્થાને રહે છે. જે આંતરિક આર્થિક-શારીરિક તકલીફો રાખે. કાનૂની કાર્યોમાં નુકસાનના યોગો બને. શારીરિક કાળજી રાખવી. કોઈ મોટી બિમારી ઘર કરી જાય. આકસ્મિક ખર્ચના મોટો યોગો બને. ધાર્મિક આડંબરો વધે. સ્વપ્નાની દુનિયા છોડી વાસ્તવિકતાનો સામનો કરવો જરૂરી બને. આવક સંબંધી લાલચમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. શેર સટ્ટાકીય કાર્યોમાં સંભાળવું. તમે દુન્યવી મોહમાયાથી દૂર જવાના પ્રયત્નો કરશો. બ્લડપ્રેશર, ડાયાબિટીશ કે હાર્ટ સંબંધી તકલીફવાળાએ સંભાળવું. શ્વસુર પક્ષ સંબંધી તકલીફો રહે.

તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરૂ તમારા નવમા ભાગ્યભાવે આવશે. શત્રુના ઘરમાં હોવાથી શુભ ફળ ઓછું આપશે. તમારી કૌટુંબિક જવાબદારીમાં વધારો થાય. ધાર્મિક યાત્રા પ્રવાસના યોગ બને. સ્થાવર મિલ્કતની વૃદ્ધિ થાય. વ્યવસાયિક પ્રગતિના યોગ બને. કૌટુંબિક-સામાજિક માન મોભામાં વૃદ્ધિ થાય. ભાઈ ભાંડુના જીવનમાં શુભ માંગલિક કાર્યો થાય. વ્યવસાયિક પ્રગતિ સારી થાય. ભાગ્યવૃદ્ધિની ઉજળી તકો આવવા છતાં તમે તેનો યોગ્ય લાભ ન લઈ શકો. પુરુષાર્થની સફળતા માટે તમારે દોડધામ કરવી પડે. જવાબદારીની મર્યાદા ઓળંગાય તેવા કાર્યોથી દૂર રહેવું.

વર્ષારંભે શનિ તમારા દસમા કર્મસ્થાને રહે છે જે વધુ મહેનત-પરિશ્રમ બાદ સફળતા અપાવે. વ્યકિતગત જવાબદારી પૂર્ણ કરવા તમારે ઋણ લેવાની જરૂર જણાય. વિચાર અને વાણીનું મંથન ઘર્ષણ જેવું લાગશે. નાણા સંબંધી સાહસ આ સમયમાં કરવું યોગ્ય નથી. નાણાં સંબંધી ભરતી ઓટનો અનુભવ કરશો. નફાની પ્રવૃત્તિ દ્વારા માનભંગ થવાના યોગ બને. કૌટુંબિક ખર્ચાઓમાં વધારો થાય. માનસિક અશાંતિના કારણે શારીરિક તકલીફો રહે. ધંધાકીય ખર્ચના યોગો બને. આર્થિક તકલીફોને પૂર્ણ કરવા ઋણ લેવાની જરૂર પડે. કૌટુબિક નાણાંકીય સાહસ કરવાથી દૂર રહેવું હિતાવહ ગણાય.

તા. ૨૬-૦૧-૨૦૧૭થી શનિ તમારા અગિયારમાં લાભભાવે આવશે. જે શુભફળ આપવા સમર્થ છે. આર્થિક ભૌતિક સુખ સમૃદ્ધિમાં વધારો થાય. તમારી વર્તણૂંક રહસ્યમય બનતી જણાય. માનસિક દષ્ટિએ અણગમતા બનાવો બને. સ્થાનવૃદ્ધિ કર્તા હોવા છતાં આર્થિક વૃદ્ધિ કરવા અસમર્થ છે. તમારા પુરુષાર્થનું શુભ ફળ મેળવશો. આવક કરતાં ખર્ચ કરતાં વધુ નાણાંની આવશ્યકતા જણાય. ભાવુકતાના ક્ષેત્રમાં તમે સ્વપ્નીલ બનશો. તમારી કોશિષ નાકામયાબ નિવડતી જણાય. આર્થિક-સામાજિક લાભ નિશ્ચિત હોવા છતાં તમારા હાથમાં લાભનું નકકર સ્વરૂપ આવશે.

તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારા દસમા કર્મસ્થાને આવશે. જે આર્થિક બાબતે વધુ મહેનત પરિશ્રમના યોગ બને. વાસ્તવિક જીવનની કઠોરતાના દર્શન થશે. સફળતા અને નિષ્ફળતાની દષ્ટિએ તમારું ગણિત ખોટું પડતું જણાય. અંગત વ્યકિત તેમજ મિત્રો લોભી અને દંભી મળે. આ માયાજાળથી બચશો તો સફળતા પામશો તમારી માનસિક અને શારીરિક કામ કરવાની શકિત વ્યર્થ નીવડતી જણાય. નાણાંકીય સ્થિતિ અછતવાળી ગણાય. ધંધાકીય અસ્થિરતાના યોગ બને. આર્થિક અનેક કપરા સંજોગોનો સામનો કરવો પડે. વારસાગત સંપત્તિના પ્રશ્ને અવરોધ રુકાવટો આવે.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા સાતમા સ્થાને રહે છે. જે આંતરિક દામ્પત્યજીવન સંબંધી તકલીફો રાખે. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં અપયશ મળે. ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારી છૂટી જવાના કે ભાગીદારો સાથે મનઃદુખ થવાના યોગ બને. ગુપ્ત દર્દ કે ગુપ્તાંગ સંબંધી તકલીફો રહે. નવીન ભાગીદારીને લગતા કાર્યોમાં સંભાળવું. કૌટુંબિક કલેશમાં વધારો થાય. જવાબદારી નિભાવવી કપરી પડે. સહનશીલતા રાખી શકશો તો માનસિક અશાંતિ ઓછી રહે. મનદુ:ખના અવનવા પ્રસંગો બને. વિરોધીઓ તમને પછાડવાની પૂરી કોશિષ કરે. દઢતા રાખી શકશો તો કંઈક પ્રાપ્ત કરી શકશો.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારી રાશિમાં રહે છે. જે શારીરિક તકલીફો રાખે. મગજ પર બોજો કે ટેન્શન વધુ રહે. ખોટા સાહસથી દૂર રહેવું. માનસિક અસ્વસ્થતામાં વધારો થાય. સંજોગો અને સ્થિતિ દુર્ભાગ્યનું નિર્માણ કરશે. નાણાંકીય નુકસાનના અનેક યોગો બને. તમારી કાર્ય પદ્ધતિ પરિવારના સભ્યોને ગમશે નહીં. ત્યાગવૃત્તિની ભાવના તીવ્ર બનતી જણાય. તમારી વ્યકિતગત જવાબદારીમાં વધારો થાય.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા છઠ્ઠા સ્થાને આવશે. જે શારીરિક તકલીફો રાખે, આરોગ્ય અંગેની નાની મોટી તકલીફો રહે. ખાનપાનની અનિયમિતતા તમારી તંદુરસ્તીને બગાડે. નોકરીયાત વર્ગને નોકરીમાં ખટપટો ના કારણે મુશ્કેલીઓ ઉભી થાય. ઉપરી વર્ગ તરફથી સતામણી વધતી જાય. આર્થિક પ્રગતિ રુંધાતી જણાય. તમારી મહત્વાકાંક્ષામાં વધારો થાય. પારકી ઉપાધિઓ મુશ્કેલીઓ સર્જે. અંગત વ્યકિત તરફથી વિશ્વાસઘાતના યોગ બને. ખાનપાનની મર્યાદા ન જળવાય તો પાચનશકિત બગડતી જણાય. વધુ મેળવવાની લાલચ તમને પરેશાન કરી દે. મોસાળ પક્ષ તરફની તકલીફો રહે.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી કેતુ તમારા બારમા વ્યયસ્થાને આવશે. જે આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો વધારે. સાહસ કે જોખમી કાર્યોથી સંભાળવું. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. અગાઉનું ઋણ ઉતારવા જતા વધતું જણાય. આકસ્મિક ખર્ચના અનેક યોગો બને. ધાર્મિક વૃત્તિમાં વધારો થાય. ધનસંપત્તિના પ્રશ્ને રુકાવટો કે ધન વ્યયના યોગો બને.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક-શારીરિક તેમજ માનસિક તકલીફો રહે. વિચારોના મતભેદના કારણે કૌટુંબિક મનદુ:ખના પ્રસંગો બને. આર્થિક પ્રગતિમાં રૂકાવટો આવે. શસ્ત્રક્રિયા કે ગુપ્ત દર્દ સંબંધી તકલીફોમાં વધારો થાય. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરીવર્ગ તેમજ સહકાર્યકરો સાથે અણબનાવ રહે. જતુ કરવાની ભાવના રાખશો તો નોકરી ટકાવી શકશો. વડિલવર્ગ સાથે મતભેદો થાય. આર્થિક હાનીના યોગ બને. સંતાન સાથે વિચારોમાં મતભેદો તેમજ અણબનાવ રહે. પિત્ત વાયુ સંબંધી તકલીફોવાળાએ સંભાળવું. ભૌતિક સુખ સાધનો પાછળ ખોટા ખર્ચાઓ થાય. આંતરિક અશાંતિ રહે.

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. સમયનો બગાડ કરવો યોગ્ય ન ગણાય. અભ્યાસ પરત્વે પૂર્ણ ધ્યાન રાખવું જરૂરી બને. ઈતરપ્રવૃત્તિથી પર રહેશો તો કંઈક સફળતા મેળવશો, મહેનત પરિશ્રમ છતાં યોગ્ય લાભ ન મળવી શકો. ધારેલી સફળતા મેળવવા તમારે અથાગ પરિશ્રમની જરૂર જણાય. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો યોગ્ય સફળતા ન મેળવી શકો.

## (૧૨) મીન રાશિ : (દ.ચ.ઝ.થ.)




વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા સાતમા સ્થાને રહેતાં તા. ૧૨-૦૯-૧૭થી તમારા આઠમા આયુષ્યસ્થાને આવશે. વર્ષારંભે શનિ તમારા નવમા ભાગ્યભાવે રહેતાં તા. ૨૬-૦૧-૨૦૧૭થી તમારા દસમા કર્મસ્થાને આવશે. વળી તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો નવમા ભાગ્યભાવે આવશે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા છઠ્ઠા સ્થાને અને કેતુ બારમે રહેતાં તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા પાંચમે અને કેતુ અગિયારમે આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા સાતમા સ્થાને રહે છે. જે અહીં મિશ્ર ફળદાયી ગણાય. ધાર્મિકયાત્રા કે ધાર્મિક કાર્યો સારા થાય. ધંધાકીય મુસાફરી લાભદાયી નિવડે. સાહસિક કાર્યોમાં સફળતા સારી મળે. અગમ-નિગમ વિશેની તમારી જિજ્ઞાસા વધતી જણાય. કુટુંબમાં શુભ માંગલિક કાર્યો થાય. ભાઈ ભાંડુથી મનદુ:ખના પ્રસંગો બને. માનવતાવાદી કાર્યો કરવા છતાં સફળતા ઓછી મળતી જણાય. ભાગીદારીના વ્યવસાયિકોએ સંભાળવું. માનસિક થાકનો અનુભવ થાય. આર્થિક દષ્ટિએ અનુકૂળ હોવા છતાં ધનવ્યયના યોગ વધુ બને.સામાજિક કાર્યો કરનારને અનેક તકલીફોનો સામનો કરવો પડે. આંતરિક-દામ્પત્યજીવન સંબંધી તકલીફોથી સંભાળવું.

તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરૂ તમારા આઠમાસ્થાને આવશે. અહીં તે શત્રુક્ષેત્રી બને છે. શારીરિક તકલીફો વધે. આર્થિક નુકસાનના યોગ બને. તમારી આશા ઠગારી નિવડતી જણાય. મનોમન 'સ્વ'ના વ્યકિતત્ત્વને ખંડિત થતું જોશો. આરોગ્ય તેમજ કાનૂન બાબતની તકલીફો રહે. અનેક ઘટનાઓ દ્વારા તમે બ્લેકમેઈલ થશો. ધાર્મિક આડંબરોમાં વધારો થાય. ડાયાબિટીશ કે હાર્ટ સંબંધી તકલીફો વાળાએ સંભાળવું. સટ્ટાકીય તેમજ સાહસિક કાર્યોથી સંભાળવું. અનિશ્ચિતતાનો અનુભવ થાય. વડિલવર્ગ સાથે મનદુ:ખના પ્રસંગો બને. આરોગ્ય બાબતની બેદરકારી ઘાતક બિમારી આપી જાય. તમારા દુન્યવી મોહમાયાથી દૂર જવાના પ્રયત્નો નિષ્ફળ નિવડતા જણાય.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. જે ભાગ્યવૃદ્ધિની અનેક તકો લાવે. સ્થાવર મિલ્કતની વૃદ્ધિ થાય. જવાબદારીપૂર્ણ કરવા તમે સતત કાર્યરત રહેશો. જવાબદારીની મર્યાદા ઓળંગાય તેવા કાર્યોથી દૂર રહેવું. સંતાન બાબતની ઈચ્છા પૂર્ણ થતી જણાય. માંગલિક શુભ કાર્યો થાય. ભૌતિક જીવન જીવવાની તમને ટેવ પડશે. ધાર્મિક યાત્રા મુસાફરીના યોગ સારા બને. તમારી પરોપકારી વૃત્તિમાં વધારો થાય. ભાવુકતાની દષ્ટિએ તમે ખંડિત થશો. વ્યવસાયિક પ્રગતિ સારી થાય. સામાજિક માન મોભાની વૃદ્ધિ થાય. પુરુષાર્થની સફળતા સારી મળે. ધાર્મિક કાર્યો સારા થાય. વ્યવસાયિક તકો સારી મળે.

તા. ૨૬-૦૧-૨૦૧૭થી શનિ તમારા દસમા કર્મસ્થાને આવશે. જે ધંધાકીય અસ્થિરતાના યોગ બનાવે. નાણાંકીય સાહસ કરવાથી દૂર રહેવું. કૌટુંબિક ખર્ચાઓ વધે. વડિલ વ્યકિત સાથે ઘર્ષણ રહે. ધંધાકીય આર્થિક સંજોગો કપરા બને. જૂની ઉઘરાણી ફસાઈ જવાના યોગ બને આર્થિક મુશ્કેલીઓ આવવા છતાં સમય સરળતાથી પસાર કરી શકશો. ધંધા વ્યવસાયિક અસ્થિરતાના યોગ બને. પિતા સાથે મતભેદો રહે. કૌટુંબિક યશ ઓછો રહે. વારસાગત સંપત્તિના પ્રશ્ને અવરોધ-રૂકાવટો આવે. બિનજરૂરી ખર્ચના ખાડામાં ઉતરી ન જવાય તેની કાળજી રાખવી.

તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારા નવમા ભાગ્યભાવે આવશે. જે ભાગ્યવૃદ્ધિમાં વિલંબ તેમજ રૂકાવટો આવે. ભાઈ ભાંડુ સાથે વિચારોમાં અલગતા રહે. વડિલવર્ગને ઘાતક બિમારીના યોગ બને. આર્થિક અનેક તકલીફોને કારણે માનસિક ટેન્શન રહે. કુટુંબના સભ્યો તરફનો આર્થિક ઘસારો સહન કરવો પડે. આર્થિક છેતરપીંડીના યોગ બને. પુરુષાર્થની સફળતા માટેની તમારી દોડધામ પૂર્ણ સફળ ન થાય. કરેલ કર્મનું ફળ વિલંબથી મળતું જણાય. સટ્ટાકીય પ્રવૃત્તિથી સંભાળવું. ભાગીદારીની લેવડ દેવડમાં સંભાળવું. બિનજરૂરી ખર્ચથી દૂર રહેવું હિતાવહ ગણાય.

વર્ષારંભે રાહુ તમારા છઠ્ઠા રોગ શત્રુ સ્થાને રહે છે. આરોગ્ય અંગેની કાળજી રાખવી. નોકરિયાત વર્ગને નોકરીમાં અનેક નાની મોટી તકલીફો રહે. ઉપરીવર્ગની સતામણી વધુ રહે. તમારી આર્થિક પ્રગતિ રુંધાતી જણાય. ખાનપાનની મર્યાદા જાળવશો તો તંદુરસ્તી સારી રાખી શકશો. મોસાળ પક્ષ સંબંધી નાની મોટી તકલીફો રહ્યા કરે. વિચારોની પ્રૌઢતાને નહીં જાળવી શકો. ભાગ્યને ચમકાવવાની લાલચ તમને નુકસાન તરફ લઈ જશે. મોસાળ પક્ષમાં મનદુ:ખના પ્રસંગો બને. અંગત વ્યકિત દ્વારા દગો કે વિશ્વાસઘાતના યોગ બને.

વર્ષારંભે કેતુ તમારા બારમા વ્યયસ્થાને રહે છે. જે ધનવ્યયના અનેક યોગો બનાવે. આંતરિક-માનસિક તેમજ શારીરિક નાની-મોટી તકલીફો રહે. મસ્તકપીડા તેમજ મગજ પર ખોટી ગરમીની અસરો રહે. છેતરામણી લાલચ કે પ્રલોભનો તરફ આકર્ષાશો તો ઘણું ગુમાવવું પડશે. ધાર્મિક કાર્યો સારા થાય. તમે ધર્મ પ્રત્યે વધુ ઉંડા ઉતરતા જાવ.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી રહુ તમારા પાંચમા સ્થાને આવશે. જે સાહસિક કાર્યોમાં અવરોધો લાવે. સંતાન અંગેની તકલીફો રહે. આવક ઘટવાના કારણે આર્થિક ભીંસ રહે. વડિલ વ્યકિત સાથે મનદુ:ખના પ્રસંગો બને. કોઈના પરનો વધુ પડતો વિશ્વાસ મુશ્કેલી સર્જે. સ્થાવર બાબતે વિશ્વાસઘાતના યોગ બને નોકરિયાત વર્ગને અવનવા ફેરફારો થાય. સહકાર્યકરો સાથે મતભેદો રહે. વ્યવહારિકતાની અમથી ભૂલ મોટી ચિંતા ઉપજાવે. ઘણું સારું મેળવવા છતાં તમે અપૂર્ણતાનો અનુભવ કરશો. શારીરિક તકલીફો રહે. પેટ આંતરડાને લગતી નાની મોટી તકલીફો રહે.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી કેતુ તમારા અગિયારમા લાભ ભાવે આવશે. મોટા ભાઈ ભાંડુ તરફથી લાભ થાય. પરંતુ મનદુ:ખના પ્રસંગો બને. આર્થિક પ્રશ્નો હોવા છતાં લાભની તકો આવે. અહીં તમે તમારી આર્થિક ગુપ્તતાના દર્શન કરશો. સમય અને સંજોગો સામે ઝઝૂમતા શીખશો તો ઓછી તકલીફો ભોગવશો. તમે માનસિક અને શારીરિક રીતે નબળા પડતા જાવ.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક-શારીરિક તેમજ માનસિક નાની મોટી તકલીફો રહે. સંતાન સાથે મતભેદો કે મનદુ:ખના પ્રસંગો બને. ભાગ્યની તકો આવવા છતાં લાભ ન લઈ શકો. પેટ આંતરડા સંબંધી નાની મોટી શારીરિક તકલીફો રહે. ત્યાગ અને ભોગની વચ્ચે તમે અટવાયા કરશો. ધાર્મિક મુસાફરી કષ્ટદાયી નિવડે. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરીવર્ગ તરફથી કનડગત વધુ રહે. કુટુંબના સભ્યો સાથે વૈચારિક મતભેદો રહે. મોહનો ત્યાગ કરી શકશો તો નુકસાનથી બચી શકશો. વધુ પડતો શ્રમ શારીરિક તકલીફો રાખે. અણગમતા વાતાવરણમાં જીવવાની ફરજ પડે. તમારી મનોવૃત્તિ બદલાતી જણાય. વડિલવર્ગની સલાહ માનશો તો તકલીફો ઓછી ભોગવશો. આંતરિક જીવનમાં અશાંતિ રહે.

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. વિદ્યા પ્રાપ્તિની ગતિ મંદ પડતી જણાય. ડિગ્રી પ્રાપ્તિના તમારા પ્રયત્નો નિષ્ફળ નિવડતા જણાય. અંગત મિત્રો દ્વારા દગો થવાના યોગ બને. માનસિક અસ્વસ્થતાના કારણે તમે અભ્યાસમાં યોગ્ય સમય ન આપી શકો. તમારી દઢતાના પાયા હચમચતા જણાય. અભ્યાસ અર્થે વિદેશ જવાની તમારી ઈચ્છા પૂર્ણ ન થાય. કૌટુંબિક જવાબદારીના કારણે તમે અભ્યાસમાં પૂર્ણ ધ્યાન ન આપી શકો.

સર્વેને નૂતન વર્ષાભિનંદન

કુડાસણ ગ્રામ પંચાયત

તા. જી. ગાંધીનગર


કાળાજી પ્રતાપજી ઠાકોર
સરપંચ


અલકાબેન જયેશભાઈ પટેલ
ઉપ સરપંચ


રામદાન ગઢવી
તલાટી

તથા તમામ કુડાસણ ગ્રામ પંચાયત સદસ્ય

સ્વચ્છતા અભિયાન | નિર્મળ ગુજરાત અંતર્ગત ઘેર-ઘેર શૌચાલય
પ્રાથમિક શાળાથી જ કોમ્પ્યુટર શિક્ષણ | શહેરની માફક વિકાસ
કુપોષિત બાળકોને દૂધનું વિતરણ
જરૂરી સુવિધાઓ અને વૃક્ષોથી ઓપતું રળિયામણું ગામ
લોકાભિમુખ વહીવટ જ્યાં આખરી નિર્ણય ગ્રામજનોનો

નૂતન વર્ષાભિનંદન સહ..

સરગાસણ ગ્રામ પંચાયત

તા. જી. ગાંધીનગર


જસવંતસિંહ ડી. ઠાકોર
સરપંચ


ચેહુજી રામાજી વાઘેલા
ઉપ સરપંચ


રામદાન ગઢવી
તલાટી

તથા તમામ સરગાસણ ગ્રામ પંચાયત સદસ્ય

ઘેર-ઘેર ડસ્ટબીન વિતરણ | ઘેર-ઘેર શૌચાલય
ગામને અત્યાધુનિક બનાવતી સેવા | કોમ્પ્યુટર શિક્ષણ | શહેરની માફક વિકાસ
કુપોષિત બાળકોને દૂધનું વિતરણ
જરૂરી સુવિધાઓ અને રળિયામણું ગામ
લોકાભિમુખ વહીવટ જ્યાં આખરી નિર્ણય ગ્રામજનોનો

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના તમામ પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ તેમજ સંસ્થા સાથે જોડાયેલા તમામ વડીલ સભ્યશ્રીઓ તથા તેમના કુટુંબીજનોને નવા વર્ષની શુભકામનાઓ સાથે નવું વર્ષ આપ અને આપના પરિવારજનોને આરોગ્યમય સુખમય અને તમામ ક્ષેત્રે શાંતિમય નીવડે તેવી પ્રભુ પ્રાર્થના સહ...

નૂતન વર્ષાભિનંદન...


ડાહ્યાભાઈ એન. પ્રજાપતિ
પ્રમુખ


જયંતિભાઈ જી. ભટ્ટ
કાર્યકારી પ્રમુખ


હસમુખરાય એન. સોની
મહામંત્રી


પ્રદિપભાઈ ભટ્ટ
કોષાધ્યક્ષ

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ